વીરતા અને બહાદુરી

એક રાતની વાત છે. મદીના મુનવ્વરાના રહેવાસીઓએ ભયાનક અવાજો સાંભળ્યા. લોકો ભયભીત થઈ ગયા. ખબર કાઢવા લોકો અવાજની દિશામાં દોડ્યા. જોયું કે રસૂલુલ્લાહ ﷺ અવાજની દિશા તરફથી પાછા આવી રહ્યા છે, અર્થાત્ લોકોથી પહેલા આપ ﷺ પરિસ્થિતિની તપાસ કરવા નીકળી ગયા હતા. મુલાકાત થતાં આપ ﷺ એ લોકોને સાંત્વના આપી અને કહ્યું કે ગભરાવાની જરૂર નથી, ડરો નહીં. (મુત્તફિક અલયહિ)

હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه ના ખિલાફત-કાળની વાત છે. બૈતુલ-માલ (રાજ્ય-કોષ)માં કાપડ આવ્યું. તેમણે બધા લોકોમાં તેને સમાન રીતે વહેંચી નાખ્યું. આ જ કાપડનો ઝભ્ભો પહેરીને તેમણે મિમ્બર પર સંબોધન કર્યું અને કહ્યું : સાંભળો અને આજ્ઞાપાલન કરો. શ્રોતાઓમાંથી એક વ્યક્તિ ઊભો થયો અને કહેવા લાગ્યો કે અમે કદાપિ સાંભળીશું નહીં અને ન તો આજ્ઞાપાલન કરીશું. તેમણે પૂછ્યું કે આવું કેમ ? તેણે કહ્યું કે બધાને કાપડ એક-સરખું મળ્યું હતું. આટલા નાના કાપડમાંથી આટલો લાંબો ઝભ્ભો તો બની જ શકતો ન હતો. તો પછી તમે ક્યાંથી બનાવી લીધો ? હઝરત ઉમર رضي الله عنه એ પોતાના સુપુત્ર અબ્દુલ્લાહને ઈશારો કર્યો કે હકીકત બતાવે. તેમણે ઊભા થઈને કહ્યું કે મેં મારો ભાગ મારા પિતાજીને આપી દીધો હતો. તેમને જરૂર હતી. તેનાથી જ આ ઝભ્ભો આટલો મોટો બની શક્યો છે. જવાબ સાંભળીને એ માણસને સંતોષ થઈ ગયો અને કહ્યું કે હા, હવે કહો, અમે સાંભળીશું પણ અને આજ્ઞાપાલન પણ કરીશું.

મુશ્કેલ પરિસ્થિતિઓમાં હિંમત બતાવવી અને નિડર રહેવું એ જ વીરતા અને બહાદુરી છે. રસૂલુલ્લાહ ﷺ નું જીવન-ચરિત્ર આ સંદર્ભમાં પણ આપણા માટે સર્વોત્તમ આદર્શ અને નમૂનો છે. યુદ્ધો અને ગઝવાઓ (એ યુદ્ધ જેમાં રસૂલુલ્લાહ ﷺ પોતે સામેલ રહ્યા હોય)માં સહાબા કિરામ હુઝૂર ﷺ ની આડ ત્યારે લેતા હતા, જ્યારે પરિસ્થિતિ અત્યંત મુશ્કેલ થઈ જતી હતી. આના વિશે હઝરત અલી رضي الله عنه ફરમાવે છે કે જ્યારે ઘમાસાણ લડાઈ થતી, તો અમે રસૂલુલ્લાહ ﷺ ના શરણમાં આવી જતા. આપ ﷺ દુશ્મનથી સૌથી વધારે નજીક હોતા. હઝરત બર્રાઅ رضي الله عنه ફરમાવે છે કે અમે યુદ્ધમાં રસૂલુલ્લાહ ﷺ ની જાતની આડ લઈને અમારો બચાવ કરતા.

હુનૈનનું યુદ્ધ ચાલી રહ્યું હતું. દુશ્મનની જોરદાર તીરંદાજીએ મુસલમાનોને પીછેહઠ કરવા મજબૂર કરી દીધા. ઘણા લોકો ભાગી રહ્યા હતા. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં રસૂલુલ્લાહ ﷺ પોતાની જગ્યાએ અનુપમ વીરતા અને બહાદુરીનું પ્રદર્શન કરતાં અડીખમ હતા. આપ ﷺ પોતાના જમણે-ડાબે તલવાર ચલાવતા જતા અને ઊંચા અવાજથી પોકાર કરતાં કહેતા : «أنا النبي لا كذب أنا ابن عبدالمطلب» (અર્થાત્, હું સાચો નબી છું, હું અબ્દુલ મુત્તલિબની સંતાન છું.) આપ ﷺ નો અવાજ જે મુસલમાન પણ સાંભળતો, જોશ અને ભાવાવેશથી ફરી પાછો આવતો, અને વીરતાની સાથે દુશ્મનોથી ટકરાઈ જતો, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ મુસલમાનોને વિજય અને સફળતા પ્રદાન કરી. રસૂલુલ્લાહ ﷺ પોતે પણ વીરતાની પ્રતિમા અને બહાદુરીનો નમૂનો હતા,

www.uzairfalahi.com

અને પોતાના સહાબા (સાથીઓ)નું પણ એવું જ પ્રશિક્ષણ કર્યું હતું કે આગળ જતાં આ જ લોકો મહાન સેનાપતિઓ બન્યા, તેમજ ત્યાગ અને બલિદાનનો તેમણે મહાનતમ્ ઇતિહાસ રચ્યો.

આપ ﷺ ના એક સહાબી હઝરત અમ્ર બિન અલ-જમૂહ رضي الله عنه હતા. તેઓ કોઈ કારણસર લંગડા થઈ ગયા હતા. ચાલવા-ફરવામાં એક રીતે અપંગ હતા. આ જ કારણસર તેમના સુપુત્રોએ આગ્રહ કર્યો કે તેઓ ઘરે જ રહે, જિહાદમાં સામેલ ન થાય. પરંતુ તેઓ ન માન્યા અને કહ્યું કે હું આ જ લંગડા-લૂલા પગની સાથે જન્નતમાં જવા માગું છું. તેમણે હુઝૂર ﷺ ને યુદ્ધમાં સામેલ થવાનું નિવેદન કર્યું અને તેમને પરવાનગી મળી ગઈ. છેવટે તેઓ યુદ્ધમાં સામેલ થયા અને શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો.

એ જ પ્રમાણે હઝરત અલી رضي الله عنه ની વીરતા અને બહાદુરી અદ્વિતીય છે. તેઓ બાળપણથી જ અત્યંત સાહસિક હતા. હિજરત વખતે તેઓ જ રસૂલુલ્લાહ ﷺ ના બિસ્તર પર સૂઈ ગયા હતા, જ્યારે કે તેમને બરાબર ખબર હતી કે આમાં પ્રાણ પણ જઈ શકે છે. પરંતુ રસૂલુલ્લાહ ﷺ સુરક્ષિત મદીના પહોંચી જાય એટલા માટે તેમણે જાણતા હોવા છતાં પોતાનો જીવ જોખમમાં નાખ્યો.

મૌતાના યુદ્ધમાં હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه, હઝરત ઝૈદ બિન હારિસા رضي الله عنه અને જાફર બિન અબી તાલિબ رضي الله عنه એ બહાદુરીના જે પરાક્રમો બતાવ્યા, તે ઇતિહાસનું એક જ્વલંત પ્રકરણ છે. હઝરત ખાલિદ બિન વલીદ رضي الله عنه ની બહાદુરી અને શૌર્ય અદ્દ્ભુત હતું. આ જ ખૂબીના કારણે રસૂલુલ્લાહ ﷺ એ તેમને 'સૈફુલ્લાહ' (અલ્લાહની તલવાર)ની ઉપાધિ આપી હતી. તેઓ પોતાના અંતિમ સમયમાં ખૂબ દુઃખી હતા કે અફસોસ ! બિસ્તર પર મરી રહ્યો છું, જ્યારે કે તેમના શરીરનો કોઈ ભાગ એવો ન હતો કે તેના પર જખમોના નિશાન ન હોય. તેમ છતાં તેમને શહાદતનું મૃત્યુ નસીબ ન થઈ શક્યું. આનો જ અફસોસ તેઓ કરી રહ્યા હતા.

વીરતા અને સમર્પણની ભાવના માત્ર પુરુષોમાં જ જોવા મળતી હતી એવું નહોતું, બલ્કે આપ ﷺ ના પ્રશિક્ષણના પરિણામે મહિલાઓ પણ આ ભાવનાથી તરબોળ હતી. ઉમ્મે અમ્મારા رضي الله عنها, ઉમ્મે અતિય્યા رضي الله عنها, ઉમ્મે સલીમ رضي الله عنها અને લૈલા ગિફારિયા رضي الله عنها અને આ ઉપરાંત બીજી ઘણી સહાબિયાત ઈસ્લામી લશ્કરમાં સામેલ થઈ. ઘાયલોની મલમપટ્ટી, લડવૈયાઓને પાણી પીવડાવવું અને તેમના ખાવા-પીવાની વ્યવસ્થા કરવી અને સમય આવ્યે અન્ય સેવાઓ માટે આ સૌના નામો એક ચિરસ્થાયી ઉદાહરણો છે, જે રહેતી દુનિયા સુધી યાદ રાખવામાં આવશે.

વીરતા અને શૌર્યની આ ભાવના યુદ્ધો ઉપરાંત, ઈસ્લામના અસ્તિત્વ અને તેની રક્ષા, તેના તકાદાઓની પૂર્તિમાં દરેક અવસરે જોવા મળે છે. એક મહાન સહાબિયા હઝરત ખૌલા બિન્તે શોઅલ્બા رضي الله عنها છે. એક વાર રસ્તામાં અમીરુલ મુ'મિનીન હઝરત ઉમર رضي الله عنه તેમને મળી ગયા. તેણીએ તેમને રોકીને શિખામણ આપવાનું શરૂ કરી દીધું અને હઝરત ઉમર رضي الله عنه છે કે ઊભા રહીને સાંભળી રહ્યા છે, અત્યંત શિષ્ટતાથી, ત્યાં સુધી કે તેણી તેમને

www.uzairfalahi.com

લાંબા સમય સુધી રોકીને શિખામણ આપ્યા કરે છે. સ્થિર અને ચુપચાપ હઝરત ઉમર ؓ કાન લગાવીને ઊભા-ઊભા તેમની વાતો સાંભળતા રહે છે.

હુઝૂર અકરમ ﷺ એ વીરતાની એવી જ્યોત જલાવી હતી કે નવયુવાન સહાબા પણ જોશ અને ભાવાવેશથી ભરપૂર હતા. એક પ્રસંગ છે. રસૂલુલ્લાહ ﷺ પોતાના સહાબાની સાથે કોઈ યુદ્ધ માટે જઈ રહ્યા હતા. આપ ﷺ એ જ્યારે લશ્કરનું નિરીક્ષણ કર્યું, તો ઉમૈર બિન અબી વક્કાસ ؓ, જેઓ હજુ નાના હતા, લપાતા-છુપાતા ફરતા હતા કે ક્યાંક તેમની કિશોરાવસ્થાના કારણે પાછો મોકલી દેવામાં ન આવે. છેવટે તેમને હુઝૂર ﷺ ની સામે હાજર કરવામાં આવે છે અને જેનો ડર હતો એ જ થયું. જ્યારે તેમને પાછા જવા માટે કહેવામાં આવ્યું, તો ભાવાવેશમાં તેઓ રડવા લાગ્યા. આપ ﷺ એ દિલસોજી દાખવીને તેમને લશ્કરની સાથે જવાની અનુમતિ આપી દીધી.

શૌર્ય અને વીરતા દર્શાવવાના અવસરો ઘણા હોય છે. તેને આપણે વીરતાના પ્રકારો પણ કહી શકીએ છીએ. જેમ કે —

- ભલાઈની આજ્ઞા કરવા અને બૂરાઈથી રોકવા માટે હિંમત અને વીરતા બતાવવી પડે છે. સ્વયં રસૂલુલ્લાહ ﷺ તો કોઈ વાત પર ક્યારેય ગુસ્સે થતા નહોતા, સિવાય કે જ્યારે કોઈ અલ્લાહે હરામ (અવૈધ) ઠરાવેલ વસ્તુઓનું આચરણ કરતો હતો. આ પ્રસંગે નારાજગી દર્શાવતા, આ કૃત્ય આચરનારને તેનાથી રોકતા અને તેને ભલાઈની આજ્ઞા કરતા. આની જ શિક્ષા આપ ﷺ એ સહાબા કિરામને પણ આપી હતી. કુર્આનમાં અલ્લાહ તૂઆલાએ આ જ ફરમાવ્યું છે :

﴿ ٱلَّذِينَ إِن مَّكَّنَّـٰهُمْ فِى ٱلْأَرْضِ أَقَامُوا۟ ٱلصَّلَوٰةَ وَءَاتَوُا۟ ٱلزَّكَوٰةَ وَأَمَرُوا۟ بِٱلْمَعْرُوفِ وَنَهَوْا۟
عَنِ ٱلْمُنكَرِ ۗ وَلِلَّهِ عَـٰقِبَةُ ٱلْأُمُورِ ﴿٤١﴾ ﴾ الحج: ٤١

અનુવાદ : ‘‘આ એ લોકો છે, જેમને જો અમે જમીનમાં સત્તા-શાસન પ્રદાન કરીએ તો તેઓ નમાઝની સ્થાપના કરશે, ઝકાત અદા કરશે, ભલાઈની આજ્ઞા આપશે અને બૂરાઈની મનાઈ કરશે, અને તમામ મામલાઓનું પરિણામ અલ્લાહના હાથમાં છે.’’ (સૂર:હજ્જ, આ.૪૧)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ وَمَا كَانَ ٱلْمُؤْمِنُونَ لِيَنفِرُوا۟ كَآفَّةً ۚ فَلَوْلَا نَفَرَ مِن كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوا۟ فِى
ٱلدِّينِ وَلِيُنذِرُوا۟ قَوْمَهُمْ إِذَا رَجَعُوٓا۟ إِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُونَ ﴿١٢٢﴾ ﴾ التوبة: ١٢٢

અનુવાદ : ‘‘અને એ કંઈ જરૂરી ન હતું કે બધા જ ઈમાનવાળા નીકળીને આવી જતા, પરંતુ એવું શા માટે ન થયું કે તેમની વસ્તીના દરેક ભાગમાંથી કેટલાક લોકો નીકળીને આવતા અને દીનની સમજ પેદા

કરતા અને પાછા જઈને પોતાના વિસ્તારના રહેવાસીઓને ચેતવ્યા હોત, જેથી તેઓ (બિનઈસ્લામી વર્તનથી) બચતા.'' (સૂરઃ તૌબા, આ.૧૨૨)

રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે :

«قُلِ الْحَقَّ وَلَوْ كَانَ مُرًّا»

અર્થાત્, વાત સાચી કરો, ચાહે તે કડવી જ કેમ ન હોય. (અહમદ)

એક બીજી હદીસ છે :

«مَنْ رَأَى مِنْكُمْ مُنْكَرًا فَلْيُغَيِّرْهُ بِيَدِهِ، فَإِنْ لَمْ يَسْتَطِعْ فَبِلِسَانِهِ، فَإِنْ لَمْ يَسْتَطِعْ فَبِقَلْبِهِ، وَذَلِكَ أَضْعَفُ الْإِيمَانِ»

અર્થાત્, તમારામાંથી જે કોઈ બૂરાઈ જુએ તેને તેણે શક્તિથી બદલી નાખવી જોઈએ, જો આનું સામર્થ્ય તે ન રાખતો હોય તો જીભથી તેનો વિરોધ કરે અને જો આનું પણ સામર્થ્ય તે ન ધરાવતો હોય તો તેને દિલમાં ખરાબ સમજે અને આ ઈમાનનો નિમ્નતમ્ દરજ્જો છે. (મુસ્લિમ)

આપ ﷺ એ લોકોને બૂરાઈ વિરુદ્ધ અડગ રહેવા અને આ માર્ગમાં વીરતા પર પ્રોત્સાહન આપતાં ફરમાવ્યું : શહીદોના સરદાર હઝરત હમઝા બિન અબ્દુલ મુત્તલિબ છે અને એ વ્યક્તિ છે જે અત્યાચારી અને અન્યાયી શાસક વિરુદ્ધ ઊભો થાય અને તેને ભલાઈની આજ્ઞા આપે અને બૂરાઈથી મનાઈ કરે અને આ જ માર્ગમાં માર્યો જાય. (હાકિમ)

- વીરતા માત્ર શક્તિ અને તાકાતના ઉપયોગના અવસરો માટે વિશેષ નથી. માનવી પોતાની અંગત નબળાઈઓ વિરુદ્ધ જો ઊભો થઈ જાય તો તેને પણ વીરતા જ કહેવાશે. જેમ કે - એક વિદ્યાર્થી પોતાના અલ્પ-જ્ઞાનને છુપાવ્યા વગર જો કોઈને પ્રશ્ન પૂછે છે અને વધારેમાં વધારે માહિતી પ્રાપ્ત કરવા માટે પોતાના મન વિરુદ્ધ સંઘર્ષ કરે છે, તો આ પણ વીરતા જ છે. આના વિશે સહાબા કિરામ رضي الله عنهم શરમની લાગણી અનુભવ્યા વગર પોતાનાથી નાના પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. પુરુષો અને સ્ત્રીઓ બધાની સ્થિતિ આ મામલામાં એક-સમાન હતી.
- પોતાની ભૂલોનો સ્વીકાર પણ એક પ્રકારની વીરતા અને બહાદુરી છે. આમાં વ્યક્તિને પોતાની જાત સાથે લડવું પડે છે, અને પોતાના અંદરની શક્તિઓને હરાવવી પડે છે, અને આ કંઈ મામૂલી વાત નથી. આ જ કારણસર કહેવામાં આવે છે કે બહાદુર એ છે જે પોતાના ગુસ્સા પર કાબૂમાં કરે. પોતાની ભૂલોનો સ્વીકાર અને જે હક્કો છે તેને પૂરા કરવા પણ ખૂબ મોટી બહાદુરી છે. આનુ ઉદાહરણ આપણને પયગંબરોના જીવન-ચરિત્રોમાં મળે છે. હઝરત આદમ عليه السلام એ પોતાની ભૂલનો સ્વીકાર કરીને અલ્લાહ તઆલાથી માફીની દુઆ માંગી.

www.uzaifalahi.com

﴿رَبَّنَا ظَلَمْنَآ أَنفُسَنَا وَإِن لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُونَنَّ مِنَ ٱلْخَٰسِرِينَ ﴿٢٣﴾﴾ الأعراف: ٢٣

અનુવાદ : ''હે રબ ! અમે અમારા પર અત્યાચાર કર્યો, હવે જો તેં ક્ષમા ન કરી અને દયા ન કરી તો નિ:શંક અમે બરબાદ થઈ જઈશું.'' (સૂર: આ'રાફ, આ.૨૩)

એ જ પ્રમાણે હઝરત યૂનુસ ﷺ એ માછલીના પેટમાંથી અલ્લાહ તઆલાથી પોતાની ભૂલની માફી માગતાં દુઆ કરી :

﴿لَّآ إِلَٰهَ إِلَّآ أَنتَ سُبْحَٰنَكَ إِنِّى كُنتُ مِنَ ٱلظَّٰلِمِينَ ﴿٨٧﴾﴾ الأنبياء: ٨٧

અનુવાદ : ''અલ્લાહ સિવાય કોઈ સાચો મા'બૂદ (ઉપાસ્ય) નથી, તે પવિત્ર છે. ચોક્કસ હું અત્યાચારીઓમાંથી છું.'' (સૂર: અંબિયા, આ.૮૭)

મુસલમાન સ્વાભાવિક રૂપે બહાદુર અને સાહસિક હોય છે. આ જ કારણ છે કે જ્યારે તેનાથી કોઈ ગુનાનું આચરણ થઈ જાય છે, તો સચેત કર્યા પછી તે તરત જ પ્રાયશ્ચિત કરે છે અને પોતાના રબથી માફીની દુઆ કરે છે.

- સત્યની સ્થાપના કરવા અને અસત્યને નેસ્ત-નાબૂદ કરવા માટે યુદ્ધ-મેદાનમાં જીવ-સટોસટની બાજી લગાવી દેવી હિંમતવાનો અને બહાદુરોનું લક્ષણ છે. અલ્લાહ તઆલાએ મુસલમાનોને આનો આદેશ પણ આપ્યો છે :

﴿وَأَعِدُّوا۟ لَهُم مَّا ٱسْتَطَعْتُم مِّن قُوَّةٍ وَمِن رِّبَاطِ ٱلْخَيْلِ تُرْهِبُونَ بِهِۦ عَدُوَّ ٱللَّهِ وَعَدُوَّكُمْ
وَءَاخَرِينَ مِن دُونِهِمْ لَا تَعْلَمُونَهُمُ ٱللَّهُ يَعْلَمُهُمْ ﴿٦٠﴾﴾ الأنفال: ٦٠

અનુવાદ : ''અને તમે લોકો, જ્યાં સુધી તમારામાં શક્તિ હોય, વધારેમાં વધારે શક્તિ અને પલાણેલા ઘોડા તેમના મુકાબલા માટે તૈયાર રાખો, જેથી તેના દ્વારા અલ્લાહના અને પોતાના દુશ્મનો અને એ બીજા શત્રુઓને ભયભીત કરી દો જેમને તમે નથી જાણતા, પરંતુ અલ્લાહ જાણે છે.'' (સૂર: અન્ફાલ, આ.૬૦)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿إِنَّ ٱللَّهَ يُحِبُّ ٱلَّذِينَ يُقَٰتِلُونَ فِى سَبِيلِهِۦ صَفًّا كَأَنَّهُم بُنْيَٰنٌ مَّرْصُوصٌ ﴿٤﴾﴾ الصف: ٤

અનુવાદ : ''અલ્લાહને તો એ લોકો પસંદ છે, જેઓ તેના માર્ગમાં એ રીતે પંક્તિબદ્ધ થઈને લડે છે, જાણે તેઓ એક સીસું પાયેલ દીવાલ છે.'' (સૂર: સફ, આ.૪)

www.uzairfalahi.com

સૂરઃ અન્ફાલમાં ફરમાવ્યું :

﴿ يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ إِذَا لَقِيتُمْ فِئَةً فَٱثْبُتُوا۟ وَٱذْكُرُوا۟ ٱللَّهَ كَثِيرًا لَّعَلَّكُمْ تُفْلِحُونَ ﴾ الأنفال: ٤٥

અનુવાદ : ''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે કોઈ જૂથ સાથે તમારો મુકાબલો થાય, તો અડગ રહો અને અલ્લાહને પુષ્કળ યાદ કરો, આશા છે કે તમને સફળતા પ્રાપ્ત થાય.''(સૂરઃ અન્ફાલ, આ.૪૫)

આ ઉપરાંત ફરમાવ્યું :

﴿ يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ إِذَا لَقِيتُمُ ٱلَّذِينَ كَفَرُوا۟ زَحْفًا فَلَا تُوَلُّوهُمُ ٱلْأَدْبَارَ ﴾ الأنفال: ١٥

અનુવાદ : ''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! જ્યારે તમે લશ્કરના સ્વરૂપે કાફિરોનો સામનો કરો, તો તેમના મુકાબલામાં પીઠ ન ફેરવો.'' (સૂરઃ અન્ફાલ, આ.૧૫)

મુસલમાન મૃત્યુથી નથી ડરતો, બલ્કે તેની વીરતા અને બહાદુરી અલ્લાહના માર્ગમાં શહાદતની અભિલાષા કરતી હોય છે :–

યે ગાઝી, યે તેરે પુરઈસરાર બંદે, જિન્હેં તૂ ને બક્ષા હૈ ઝૌકે-ખુદાઈ,
દો-નીમ ઈનકી ઠોકર સે સેહરા-ઓ-દરયા, સિમટકર પહાડ ઈનકી હૈબત સે રાઈ,
દો આલમ સે કરતી હૈ બેગાના દિલ કો, અજબ ચીઝ હૈ લિઝ્ઝતે-આશનાઈ,
શહાદત હૈ મતલૂબ-ઓ-મક્સૂદે-મોમિન, ના માલે-ગનીમત, ના કિશ્વર કુશાઈ.

રસૂલુલ્લાહ ﷺ શક્તિ અને સામર્થ્યની પ્રાપ્તિ માટે લોકોને પ્રોત્સાહિત કરતા રહેતા હતા. આના વિશે આપ ﷺ એ ફરમાવ્યું :

«المؤمن القوي خير و أحب إلى الله من المؤمن الضعيف، وفي كل خير ، إحرص على ما ينفعك، و استعن بالله و لا تعجز» (مسلم)

અર્થાત્, અલ્લાહના નજીક એક અશક્ત અને નિર્બળ મોમિનની તુલનામાં એક શક્તિશાળી અને બળવાન મોમિન વધારે પ્રિય અને સારો છે, જો કે દરેકમાં ભલાઈ છે. જે તમારા માટે લાભપ્રદ હોય તેના આતુર અને ચાહક બનો, અલ્લાહ તઆલાથી દુઆ માંગો, અને લાચાર અને હતાશ થઈને બેસી ન જાઓ. (મુસ્લિમ)

મોમિન અને બહાદુરી એક-બીજાના પર્યાય છે. તેના વગર મોમિન દીનના તકાદાઓને બરાબર પૂરા કરી શકતો નથી.

–●–

www.uzaifalahi.com